દાવો રજુ કર્યા તારીખ :૧૭/૧૧/૨૦૨૧
દાવો દાખલ કર્યા તારીખ : ૧૭/૧૧/૨૦૨૧
દાવો ફેંસલ કર્યા તારીખ :૧૭/૦૬/૨૦૨૬
સમયગાળો :૦૦-દિવસ,૦૭-માસ,૦૪-વર્ષ

**કોડીનારના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ એન્ડ એડી.ચીફ.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષ, કોડીનાર, (જી.ગીર સોમનાથ).**

**R.C.S.No-1002/2021**

**EXH.**

પિશ્ચમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
સબ ડીવીઝન નં.૨ વેરાવળ રોડ,કોડીનાર
(નાયબ ઈજનેર તે હોદ્દાની રૂએ) **....વાદી**

**-:: વિરૂધ્ધ ::-**

અશ્વીનભાઈ અરજણભાઈ ઝાલા,ઉ.વ.૪૫,ધંધો.ખેતી,
રહે. પેઢાવાડા,તા.કોડીનાર,જિ.ગીર સોમનાથ. **....પ્રતિવાદી**

**દાવો :- રૂા. ૪૯૯૩૨.૦૭ પૈસા વસુલ મેળવવા બાબત.**

---

વાદી તરફે : વિ.વ.શ્રી ડી.એલ.ગોસાઇ,
પ્રતિવાદી તરફે: વિ.વ.શ્રી એચ.બી.ભેડા,

---

**-:: ચુકાદો ::-**

(૧) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે,"તા.૧૧.૦૩.૨૦૨૦ નારોજ અમો વાદી કંપનીના વીજ અધિકારીઓ કોડીનાર તાલુકાના પેઢાવાડા ગામે વીજ ચેકીંગમાં હતા ત્યારે આ કામના પ્રતિવાદી અમો વાદી કંપનીના કાયદેસરના ગ્રાહક ન હોવા છતાં આ કામના પ્રતિવાદીએ તેઓના મકાનની બાજુમાંથી પસાર થતી વાદી કંપનીની હળવા દબાણની વીજ લાઇનમાંથી ૧૦ મીટર વાયરની મદદથી પોતાના મકાનમાં સ્વીચ બોર્ડમાં વીજ જોડાણ લઇ ૨૩૭૦ વોટનો રહેણાંકી હેતુ માટે વીજ વપરાશ કરી પાવર

ચોરી કરતા પકડી પાડેલ. જેથી ચેકીંગ અધિકારીઓએ સ્થળ ઉપર રોજકામ, તપાસણી અહેવાલ તથા એનેક્ષચર-૪ તૈયાર કરેલ અને જેમાં પ્રતિવાદીને સહી કરવાનું કહેતા સહી કરી આપેલ નહી અને સ્થળ પરથી ૧૦ મીટર વાયર કબજે કરેલ અને ત્યારબાદ વાદી કંપનીના અધિકારીઓએ સ્થળ પર સહીઓ કરેલ. આમ ચેકીંગ દરમ્યાન તૈયાર કરેલ દસ્તાવેજી આધારો કબજે લઈ વાદી કંપનીના વીજ ચેકીંગ અધિકારીશ્રીઓએ અમો વાદીની ઓફિસે આપેલ. ત્યાર બાદ તે ડોકયુમેન્ટના આધારે વાદી કંપનીના જવાબદાર અધિકારીએ તેમના સુપરવિઝન નીચે અને તેમની સુચના મુજબ થેફ્ટ કેલ્કયુલેશન શીટ તથા પાવર ચોરીનું બીલ તૈયાર કરેલ અને તા.૧૧.૦૩.૨૦૨૦ ના રોજ રૂા.૪૩૨૪૨.૫૧ પૈસા નું બીલ આ કામના પ્રતિવાદીને મોકલવામાં આવેલ. જે તેઓને મળી ગયેલ છે. પ્રતિવાદીએ સદરહું પાવર ચોરીની રકમ ભરવા અંગે કોઈ દરકાર નહી કરતાં કે તે અંગે કોઈ ખુલાસો નહી કરતાં અમો વાદી કંપનીએ હાલના પ્રતિવાદી વિરૂધ્ધ આ દાવો કરવાની ફરજ પડેલ છે. તેમજ પ્રતિવાદી વિરૂધ્ધ પોલીસ ફરીયાદ પણ કરવામાં આવેલ છે. સદરહું દાવાની રકમ અમો વાદી કંપનીને વસુલ આપવા પ્રતિવાદી કાયદેસર જવાબદાર છે."

(૨) વાદીના દાવાના સમન્સ/નોટીસની પ્રતિવાદીને ધોરણસર બજવણી કરવામાં આવેલ સમન્સ/નોટીસ બજી જતા પ્રતિવાદી જાતે કે તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલા અને **આંક-૦૮** થી વાદીનો દાવાનો જવાબ રજુ કરેલ છે.

(૩) આ કામે પ્રતિવાદીએ આંક-૦૮ ના દાવા જવાબ રજુ કરેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,"વાદી કંપનીના અધિકારીઓ ચેકીંગ કરવા આવેલ હોય અને વાદી કંપનીના અધિકારીઓએ વીજ ચેકીંગ કરેલ હોય તેવું કાંઈ બનેલ નથી કે અમો કોઈ પાવર ચોરી કરતાં પકડાયેલ નથી કે અમોએ કોઈ પાવર ચોરી કરેલ નથી, કે ચેકીંગ સ્કવોર્ડના અધિકારીઓએ સ્થળ ઉપર રોજકામ તથા તપાસણી અહેવાલ વિગેરે કાગળો તૈયાર કરેલ હોવાની હકીકત ખરી નથી, તેમજ વાદીએ અમારા સહી વાળા કોઈ ડોકયુમેન્ટ દાવાના કામે રજુ કરેલ નથી. વાદીએ અમારા ભળતા નામે ખોટા ડોકયુમેન્ટ ઉભા કરેલ છે. અમો પ્રતિવાદી પાસે વાદી કંપનીની કોઈ લેણી રકમ બાકી નીકળતી નથી કે માંગતા નથી. વાદીએ અમારી સામે ખોટો દાવો કરેલ છે,જેથી વાદીનો દાવો નામંજુર કરવા અરજ કરેલ છે."

(૪) આ કામે વાદી તરફે મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ નીચે મુજબ રજુ કરવામાં

આવેલ છે.

| **મૌખિક પુરાવાઓ** | |
|---|---|
| ૧૧ | વાદી : જશુભાઈ ભીખાભાઈ બારડનું સોગંદનામું |
| ૨૬ | સાહેદ : કલ્પેશકુમાર અંબાલાલ રાઠવાનું સોગંદનામું |

| **દસ્તાવેજી પુરાવાઓ** | |
|---|---|
| **આંક** | **વિગત** |
| ૧૨ | વકીલ મારફત આપેલ નોટીસનુ પરત આવેલ કવર અસલ |
| ૧૩ | નોટીસની સ્થળપ્રત |
| ૧૪ | પુરવણી બીલ |
| ૧૫ | પાવર ચોરી અંગેનું બીલ |
| ૧૬ | કેલ્ક્યુલેશન શીટ |
| ૧૭ | સ્થળ પરનુ રોજકામ |
| ૧૮ | તપાસણી અહેવાલ |
| ૧૯ | એનેક્ષર–૪ |
| ૨૦ | ગેટપાસ |
| ૨૧ | એફ.આઈ.આર.ની નકલ |
| ૨૨ | લેઝર શીટ ખાતાનો ઉતારો |
| ૨૩ | પ્રોફોર્મ નં.૧૨ |
| ૨૪ | સેકસન લેટર |
| ૨૫ | ઓપરેટીવ પાર્ટની ખરીનકલ |
| ૨૭ | કલોઝિંગ પુરસીસ |

(૫) આ કામે વાદીઓના દાવા અરજીની તથા પ્રતિવાદીઓના જવાબ ની તમામ હકીકતોને ધ્યાને લઈને મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ નીચે મુજબના મુદ્દા આંક–૦૯ થી ઘડી દાવાનો ન્યાયિક નિર્ણય કરવા માટે ઉપસ્થિત કરેલ છે.

**–: મુદ્દાઓ :–**

(1) Whether the plaintiff proves that the defendant has committed the theft of electricity of the alleged amount ?

(2) Whether the plaintiff is entitled to get interest? If yes, at what rate ?

(3) Whether the plaintiff is entitled to get the relief as sought for ?

(4) What order and decree ?

(૬) ઉપરોકત મુદ્દાઓ અંગે મારા નિર્ણય નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ – હકારમાં

મુદ્દા નં.૨ – હકારમાં ૬% લેખે

મુદ્દા નં.૩ – અંશત: હકારમાં

મુદ્દા નં.૪ – આખરી હુકમ મુજબ.

(૭) આ કામે ઉપરોકત મુદ્દાઓના નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**–:: કારણો ::–**

**મુદ્દા નં.૧ થી ૩ :–**

તમામ મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય, અવાર નવાર હકીકતોનુ પુનરાવર્તન ટાળવા તમામ મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

(૮) આ કામે વાદી જશુભાઇ ભીખાભાઇ બારડે આંક–૧૧ થી નાઓએ સી.પી.સી. ૧૮ રૂલ–૪ મુજબનુ સોગંદનામુ રજુ કરેલ છે તથા પોતાના સોગંદનામાના સમર્થનમાં આંક–૧૨ થી આંક–૨૫ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.વાદીના આંક–૧૧ વાળા સોગંદનામાં લગત પ્રતિવાદીએ ઉલટતપાસ કરેલ.ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે,"એ વાત ખરી છે કે સને–૨૦૨૦ માં કોડીનાર મુકામે ફરજ બજાવતો ન હતો. એ વાત ખરી છે કે હું બનાવવાળા સ્થેળે ગયેલ નથી. એ વાત ખરી છે મે દાવો દાખલ કરેલ નથી સદર દાવો જે તે સમયે ના.ઈજનેરે દાખલ કરેલો. એ વાત ખરી છે કે હું રેડકર્ડ આધારીત જુબાની આપું છું. એ વાત ખરી છે કે દાવામાં રજુ કરેલ દસ્તાવેજો મારી હાજરીમાં કે મારી સુચના મુજબ તૈયાર કરવામાં આવેલ નથી કે તેમાં મારી સહી નથી. એ વાત ખરી છે કે મને દાવાના કામે રજુ થયેલ દસ્તાવેજો રેકર્ડ આધારીત જ્ઞાન છે. એ વાત ખરી છે કે મને કોઈ જાત માહીતી નથી. એ વાત ખરી છે કે હું પ્રતિવાદીને ઓળખતો નથી. એ વાત ખરી નથી કે પ્રતિવાદીએ કોઈ પાવર ચોરી કરેલ નથી કે કોઈ પાવર ચોરી કરતા પકડાયેલ નથી. એ વાત ખરી નથી કે પ્રતિવાદીને કોઈ બીલ કે કોઈ નોટીસ આપવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે પ્રતિવાદીને દાવામાં જણાવેલ રકમ કે કોઈ લેણી રકમ બાકી નીકળતી નથી. એ વાત ખરી નથી કે પ્રતિવાદી સામે ખોટો દાવા કરેલ છે. એ વાત ખરી નથી કે મે મારી સરતપપાસમાં ખોટી હકીકત જણાવી આજરોજ ખોટી

જુબાની આપું છું."

(૯) આ કામે વાદીના સાહેદ કલ્પેશકુમાર અંબાલાલ રાઠવાએ આંક–૨૬ થી નાઓએ સી.પી.સી. ૧૮ રૂલ–૪ મુજબનુ સોગંદનામુ રજુ કરેલ છે, જેમા તેઓએ જણાવેલ છે કે,"હું રાજુલા મુકામે પશ્ચિમ ગુજરાત વીજ કંપનીમા જુ. ઈજનેર તરીકે ફરજ બજાવુ છું. મારે મારી ફરજના ભાગરૂપે ઘણી વખત વિજચોરી ચેકીગ અર્થે તથા પાવર ચોરી પકડવા માટે ચેકીંગ સ્કવોર્ડમાં પણ જવાનું હોય છે અને જે અંગેનાં સાધનિક દસ્તાવેજી આધારો જે સ્થળ ઉપર તૈયાર કરવામાં આવતા હોય છે. તે તથા સ્થળ ઉપર કબજે લેવામાં આવેલ ચીજ વસ્તુઓ તમામ સ્થાનિક ઓફિસને સોંપી આપવાના હોય છે.તા.૧૧/૦૩/૨૦૨૦ ના અરસામાં હું વીજ ચેકીંગ અર્થે કોડીનાર તાલુકાના ગામે આ કામના પ્રતિવાદીના કબજા ભોગવટાના સ્થળે ચેકીંગ કરવા ગયેલ ત્યારે પ્રતિવાદી રહેણાંકીય હેતુ માટે ડાયરેક પાવર લઇ ગેરકાયદેસર વીજ વપરાશ કરતાં પકડાય ગયેલા અને સ્થળ ઉપર આ દાવાના કામે રજુ રાખેલ અસલ દસ્તાવેજો મુજબ આ કામના પ્રતિવાદી ૨૩૭૦ વોટની પાવર ચોરી કરતાં પકડાય ગયેલા અને સ્થળ પરથી અમોએ ૧૦ મીટર વાયર મુદ્દામાલ તરીકે કબજે કરેલ અને સ્થાનિક ઓફિસે સોંપી આપેલ."

ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે,"હું તા.૧૧/૦૩/૨૦૧૦ના રોજ કહેવાતા ચેકીંગમાં ગયેલો. ચેકીંગ દરમ્યાન મારી સાથે ઈલે. આસીસ્ટન્ટ કે.એન.સોલંકી હતા. આ દીવસે મે કુલ પાંચ થી ૬ ચેકીંગ કરેલા એ વાત ખરસ છે કે, આ ચેકીંગ સીવાય બીજી કઈ કઈ જગ્યાએ ચેકીગ કરેલ તે મને યાદ નથી. એ વાત ખરી છે કે, કહેવાતી પાવર ચેકીંગ વાળી જગ્યા કોણી માલીકીની હતી તેના મકાનની માલકીને લગતા પુરાવા મે મેળવેલ નહી. એ વાત ખરી છે કે, અમારી સંસ્થા દવારા દરેક વીજ પોલને નંબર આપવામા આવે છે. તમે તમારા દાવામા ચોરી કયા પોલ પરથી કરવામા આવેલી છે તે હકીકત જણાવેલ નથી તેવા સવાલના જવાબમાં સાહેદ જણાવે છે ચેકીંગ રોજકામ જોઈને કહી શકુ સાહેદ હવે રોજકામ જોઈને કહે છે કે વીજ પોલ નંબર દર્શાવેલ નથી. એ વાત ખરી નથી કે, બનાવ સ્થળે મારા દવારા પાવર ચોરી બાબતે રોજકામ કરવામા આવેલ નથી. એ વાત ખરી નથી કે, આ રોજકામ મે મારા ઓફીસે બેસીને તૈયાર કરેલ છે. એ વાત ખરી છે કે, રોજકામમાં પીજીવીસી એલના કર્મચારી સીવાય અન્ય કોઈ વ્યકતીની

સહી નથી. એ વાત ખરી નથીકે, અમારી સંસ્થા દવારા દર વર્ષે ટારગેટ પુરો કરવા માટે વીજ ચોરીના કેસો કરવાનું કહેવામા આવે છે. એ વાત ખરી નથીકે, વીજ ચોરીનો ટારગેટર પુરો કરવા માટે મે પ્રતીવાદી સામે વીજચોરીનો ખોટો કેસ કરેલ છે. એ વાત ખરી છે કે, બનાવ વાળા સ્થળની આજુબાજુ ઘણા રહેણાકી મકાન આવેલા છે. એ વાત ખરી છે કે, મે રહેણાક વાળા વીસ્તારમાંથી કોઈ વ્યકતીને લઈ મે તેની સહી લીધેલ નથી. એ વાત ખરી નથી કે, મે પાવર ચોરીના તમામ કાગળો એક તરફી ઓફીસમા બેસીને તૈયાર કરેલ છે. એ વાત ખરી નથી કે, પ્રતીવાદી એ કોઈ પાવર ચોરી કરેલ ન હોવા છતા તેની સામે પાવર ચોરીનો ખોટો દાવો દાખલ કરેલ છે. એ વાત ખરી નથી કે, હું ચેકીંગ અધીકારી હોય તથા દાવો દાખલ કરનાર હોય ખોટા દાવાના સમર્થનમા ખોટી જુબાની આપુ છુ."

(૧૦) વાદી દવારા રજુ થયેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાના આધારે પુરવાર થાય છે કે પ્રતિવાદી વાદી કંપનીના કાયદેસરના વીજ ગ્રાહક ન હોવા છતા તેઓએ તેમના રહેણાંકીય મકાનમાં બન અધિકૃત રીતે વીજપ્રવાહ મેળવી વીજ ચોરી કરેલ અને વાદી કંપનીના વીજચેકીંગ દરમ્યાન તેઓ વીજ ચોરી કરતા પકડાઇ ગયેલ જેથી વાદી કંપની દવારા પ્રતિવાદીને નિયમોનુસારનું વીજચોરીનુ બીલ આપવામાં આવેલ અને તેમ છતા પ્રતિવાદીએ વીજ ચોરીના બીલની રકમ ભરપાઇ કરેલ નથી. આમ, વાદી કંપની તેમના દાવાની હકીકત પુરવાર કરવામાં સફળ રહેલ છે કે, પ્રતિવાદી પાસેથી દાવામાં માંગ્યા મુજબની વીજબીલની રકમ બાકી લેણી નીકળે છે.

(૧૧) આ કામના પ્રતિવાદીએ આંક–૦૮ થી દાવાનો જવાબ રજુ કરી એવી તકરાર લીધેલ છે કે, તેમની કોઇ માલીકી કબજા ભોગવટાનુ કોઇ મકાન કે મીલકત આવેલ ન હોઇ તેમજ તેઓ કોઇ પાવરચોરી કરતા પકડાયેલ નથી કે તેઓએ કોઇ પાવરચોરી કરેલ નથી કે તેમની હાજરીમાં ચેકીંગ સ્કવોડના અધિકારીએ સ્થળ ઉપર રોજકામ તથા તપાસણી અહેવાલ વિગેરે કાગળો તૈયાર કરેલ નથી કે સહી કરેલા ડોકયુમેન્ટ દાવાના કામે રજુ કરેલા નથી. તેથી વાદી કંપનીની કોઇ લેણી રકમ તેમની પાસે બાકી નીકળતી નથી અને વાદીએ તેમની સામે ખોટો દાવો કરેલ છે. જેથી દાવો નામંજુર કરવા અરજ કરેલ છે. વાદીના પુરાવા બાદ આ કામના પ્રતિવાદીએ તેના દાવા જવાબના સમર્થનમાં કોઇ પુરાવો આપેલ નથી કે કોઇ

સરતપાસ સોગંદનામુ રજુ કરેલ નથી. વધુમા પ્રતિવાદી તરફે વાદીની તથા સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ તેમા પણ વાદીના પુરાવાથી કોઇ વિરૂધ્ધની હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. પ્રતિવાદી દવારા વાદીના પુરાવાને ખંડન કરતો કોઇ પુરાવો આપવામાં આવેલ નથી. આમ, જયારે પ્રતિવાદીએ તેના જવાબના સમર્થનમાં કોઇ પુરાવો આપેલ ન હોય ત્યારે અનુમાન પ્રતિવાદીની વિરૂધ્ધમાં કરવાનું રહે છે.

**(૧૨)** આ કામે વાદી ના દાવાની હકીકતો તથા વાદી તરફે રજુ સમગ્ર પુરાવો ધ્યાને લેતા, પ્રતિવાદીએ પાવર ચોરી કરતા વીજ ચેકીંગ દરમ્યાન મળી આવેલ અને તેથી પ્રતિવાદીને વીજ ચોરીનુ બીલ આપવામાં આવેલ અને જે વીજચોરીનું બીલ પ્રતિવાદીને મળી ગયેલ હોવા છતા પ્રતિવાદી દવારા વીજચોરીના બીલની રકમ ભરપાઇ કરી આપેલ નથી. જેથી વાદી તમામ સંજોગો માં વાદી લેણી રકમ તથા તેના ઉપર પ્રતિવાદી પાસેથી વ્યાજ મેળવવા હકદાર થાય છે. વાદીએ દાવાવાળી રકમ ઉપર દાવા તારીખ થી તે વસુલ થતા સુધી ૨૪% ના વ્યાજ ની માંગણી કરેલ છે, જયારે વ્યાજ ની બાબત માં ના.સુપ્રીમ કોર્ટ જુદા જુદા ચુકાદાઓ પ્રસ્તાપિત કરેલ સિધ્ધાંતો તથા વર્તમાન વ્યાજ નો દરો ધ્યાને લેતા,વાદી ને દાવા અરજી થી મુદલ રકમ ઉપર વાર્ષીક ૬% લેખે સાદુ વ્યાજ આપવાનુ વ્યાજબી અને ન્યાયી જણાય છે. આમ તમામ સંજોગો મા વાદી પક્ષે રજુ કરેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવા તેમજ વાદી પક્ષ ની રજુઆત ધ્યાને લેતા મુદા ન.૧ અને ૨ નો નિર્ણય હકારમાં ઠરાવી મુદા નં. ૩ નો નિર્ણય અંશત: હકારમાં ઠરાવી મુદા નં.૪ લગત નીચે મુજબ હુકમ ફરમાવુ છુ.

**-:: આખરી હુકમ ::-**

**(૧)** વાદીનો દાવો આથી અંશત: "મંજુર " કરવામાં આવે છે.

**(૨)** આ કામનાં વાદી કંપની આ કામના પ્રતિવાદી પાસેથી દાવાવાળી રકમ **રૂા.૪૩૨૪૨.૫૧ (તેતાળીસ હજાર બસ્સો બેતાળીસ રૂપિયા એકાવન પૈસા પુરા)** દાવા ની તારીખથી તે રકમ વસુલ થતા સુધી મુદ્દલ રકમ ઉપર વાર્ષિક **૬%** લેખે સાદુ વ્યાજ સહીત પ્રતિવાદીની જાત અને હરેક પ્રકારની મિલ્કતથી વસુલ મેળવવા હકકદાર છે, આથી પ્રતિવાદીએ વાદી કંપનીને આ મુજબની રકમ ચુકવી આપવી તેવો હુકમ કરવામાં આવે છે.

(૩) આ દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદીએ વાદીને ચુકવી આપવો.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તા.૧૭, માહે:જુન, સને:૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

Place : Kodinar
Dated: 17-06-2026

(Sajjadhusen Sagirkhan Pathan)
Principal Senior Civil & Addi.
Chief Judicial Magistrate,
Kodinar, Judge Code: GJ 01273